Member of
CREDAI GUJARAT

CONFEDERATION OF REAL ESTATE DEVELOPERS ASSOCIATION OF INDIA - SURAT
3rd Floor, Association Office Building, Nr. Surat International Exhibition And Convention Center, Khajodd Chokdi, Sarsana, SURAT-395007.
Tele: +91 73839 33777 | Email: info@credai-surat.com | Website: www.credai-surat.com

CREDAI SURAT

Ref.No. : CREDAI/SRT/ F.26 / 27 / 2022

તા.૧૪/૦૫/૨૦૨૨

પ્રતિ,
**શ્રીમાન ભુપેન્દ્રભાઈ પટેલ**
માન.મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય,
ત્રીજો માળ, સ્વર્ણિમ સંકુલ-૧,
સચિવાલય, ગાંધીનગર.

**વિષય : ગુજરાત રાજ્યના વિકાસહિતને અનુલક્ષીને ક્વોરી ઉદ્યોગોના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે હસ્તક્ષેપ કરવા વિનંતી બાબત...**

મહોદયશ્રી,

સવિનય સહ ઉપરોક્ત વિષય સંદર્ભે આપશ્રીને જણાવવાનું કે, આપણા ગુજરાત રાજ્યના સર્વાંગી વિકાસને વેગ મળે તે હેતુસર આપની દૂરંદેશી વિચારધારાથી અનેક નીતિવિષયક નિર્ણયો લેવામાં આવી રહેલ છે જેના ફળસ્વરૂપે રાજ્યમાં ઔદ્યોગિક વિકાસ પ્રક્રિયા ઝડપથી આગળ વધી રહેલ છે જેના પરિણામે નાગરિકોને પાયાની સુવિધાઓ સરળતાથી ઉપલબ્ધ થઇ રહેલ છે જેને અમો આવકારીએ છીએ.

છેલ્લા બે વર્ષની મહામારીને કારણે લગભગ બંધ રહેલ તમામ ઔદ્યોગિક કામગીરી ક્રમશઃ પુનઃ ગતિમાન થઇ રહેલ છે. જેને અનુલક્ષીને રાજ્યના વિવિધ શહેરોમાં સરકારશ્રી દ્વારા જનસુખાકારી માટે ખુબ મોટા પ્રમાણમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેકટ અમલમાં મુકેલ છે અને રેરા અન્વયે નોધાયેલા આશરે ૫૦૦૦ થી વધુ રિયલ એસ્ટેટ સેક્ટરના પ્રોજેક્ટો પરત્વે ખુબ ઝડપથી બાંધકામની પ્રવૃતિઓ થઇ રહેલ છે તેના દ્વારા લાખો લોકોને રોજગારી મળી રહેલ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| RAVJI PATEL<br>Chairman<br>99252 05961 | SANJAY MANGUKIYA<br>President<br>98251 22383 | G.R. ASODARIA<br>Vice- President<br>98251 43517 | DR. JIGNESH PATEL<br>Vice- President<br>93755 44000 | VIJAY DHAMELIA<br>Vice- President<br>98258 00402 | BHAVESH SANGHAVI<br>Hon. Secretary<br>98251 20206 |
| AMAR RAVAL<br>Hon. Jt. Secretary<br>98251 26001 | TUSHAR LAKHANI<br>Hon. Jt. Secretary<br>98259 05444 | UMESH PATEL<br>Hon. Jt. Secretary<br>98251 35657 | DIPAN DESAI<br>Treasurer<br>98241 14798 | HARESHBHAI MOTISARIYA<br>Jt. Treasurer<br>98243 55311 | HARSHIL DELIWALA<br>Chief Co-ordinator<br>98251 40401 |

ગુજરાત રાજ્યના વિકાસ માટે થઇ રહેલ બાંધકામ અંગેની કામગીરીમાં અતિ આવશ્યક raw materials માં ગ્રીટ, કપચી અને કાંકરેટનો સમાવેશ થાય છે. અમારી સંસ્થા સાથે જોડાયેલ સભ્યશ્રીઓએ જણાવેલ છે કે બ્લેકસ્ટોન કવોરી ઉત્પાદકોના વર્ષો જૂના પડતર પ્રશ્નોનો નિકાલ ન થવાને કારણે તેમના દ્વારા વિવિધ કક્ષાએ રજુઆતો કરવામાં આવેલ છે પરંતુ આજ પર્યંત તેમના પડતર પ્રશ્નો અને માંગણીઓ બાબતે કોઈ સકારાત્મક પરિણામ આવેલ નથી. જેના પરિણામે સમગ્ર રાજ્યમાં Gujarat Black Stone Industries Association દ્વારા ઉત્પાદન કરવાની સાથે સપ્લાય પણ બંધ કરવામાં આવેલ છે. જેના કારણે બાંધકામ પ્રવૃતિઓ બંધ થયેલ છે અને આ કામગીરીમાં સંકળાયેલ હજારો પરિવારોની રોજગારીનો પણ પ્રશ્ન પડકારરૂપ બની રહેલ છે.

આથી આ બાબતે આપશ્રીને હસ્તક્ષેપ કરવા અને Gujarat Black Stone Industries Association ના પડતર પ્રશ્નોના ઝડપથી સુખદ નિરાકરણ લાવવા અમારી સંસ્થા વતી અને વ્યક્તિગત નમ્ર વિનંતી છે.

અમને આશા છે કે, રાજ્યના વિકાસને વધુ વેગ મળશે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લગતા કાર્યોમાં ઝડપ આવવાથી ગુજરાતના સર્વાંગી વિકાસને વેગ મળશે અને નાગરિકોને ઝડપથી આવાસોની પૂર્તતા કરવામાં મદદરૂપ બની રહેશે.

આપના સહકારની અપેક્ષા સહ.

**લિ. આપના વિશ્વાસુ**

| | | |
|---|---|---|
| **રવજીભાઇ પટેલ** | **સંજય માંગુકીયા** | **ભાવેશ સંઘવી** |
| **ચેરમેન** | **પ્રમુખ** | **માનદ્મંત્રી** |
| **ક્રેડાઇ-સુરત** | **ક્રેડાઇ-સુરત** | **ક્રેડાઇ-સુરત** |

**નકલ રવાના પ્રતિ,**

**શ્રી રૂપવંતસિંહ, IAS, માનનીય કમિશ્નરશ્રી,** ભૂસ્તરશાસ્ત્ર અને ખાણકામ વિભાગ, બ્લોક-૧૫, ડો.જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.